# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ગ અકસ્માત પીડિતને સારવાર સુનિશ્ચિત કરવા પીએમ રાહત યોજના શરૂ કરવા મંજૂરી આપી.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના ગાંધીનગરમાં દેશની પ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી - આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવશે.

3) વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર કનેક્ટિવિટી, લોજિસ્ટિક્સ અને વેપારને સુનિશ્ચિત કરશે.

4) દેશભરના શિવ મંદિરોમાં આજે હર હર મહાદેવના નાદ સાથે મહાશિવરાત્રીની ઉજવણી.

5) ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વ કપમાં, ભારત આજે કોલમ્બોમાં પાકિસ્તાન સામે ટકરાશે.

..................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM RAHAT SCHEME

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ગ અકસ્માત પીડિતને સારવાર સુનિશ્ચિત કરવા પીએમ રાહત યોજના શરૂ કરવા મંજૂરી આપી છે. આ યોજના હેઠળ, કોઈપણ શ્રેણીના માર્ગ અકસ્માત પીડિતને અકસ્માતની તારીખથી સાત દિવસના સમયગાળા માટે પ્રતિ પીડિત એક લાખ 50 હજાર સુધીની કેશલેસ સારવારનો અધિકાર રહેશે.

માર્ગ, પરિવહન અને હાઇવે મંત્રાલયે જણાવ્યું કે આ નિર્ણય સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે કે માર્ગ અકસ્માત પછી તાત્કાલિક તબીબી સહાયના અભાવે કોઈ જીવ ન જાય. મંત્રાલયે જણાવ્યું હતું કે, વળતર મોટર વાહન અકસ્માત ભંડોળમાંથી અપાશે.

# GUJ-AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતનાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે ભારતની પ્રથમ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી - આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો પ્રારંભ કરાવશે.

ગુજરાત સરકાર દ્વારા આ ડિજિટલ કરન્સી પહેલનો ઉદ્દેશ્ય અનાજના વિતરણને વધુ પારદર્શક બનાવવાનો છે.

આ અંગે સાંભળીએ અમારા સંવાદદાતાનો વિશેષ અહેવાલ..

V/C- APARNA KHUNT

# JAISHANKAR - MUNICH – IMEC

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે જણાવ્યું કે, ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર કનેક્ટિવિટી, લોજિસ્ટિક્સ અને વેપારને સુનિશ્ચિત કરશે.

ગઈકાલે મ્યુનિખ સુરક્ષા પરિષદમાં બોલતા ડૉ.જયશંકરે ભાર મૂક્યો કે આજના વૈશ્વિક પડકારોનો સામનો કરવા સંયુક્ત રાષ્ટ્રના સુધારા તાત્કાલિક જરૂરીયાત છે. ભારતની તેલ ખરીદી વિશે વાત કરતા તેમણે કહ્યું કે ભારતમાં તેલ કંપનીઓ, યુરોપ અને વિશ્વના અન્ય ભાગોની જેમ ઉપલબ્ધતા, કિંમત અને જોખમને ધ્યાને લઈને નિર્ણય લે છે.

# JAISHANKAR-MUNICH MEETING

મ્યુનિખ સુરક્ષા પરિષદ દરમિયાન વિદેશ મંત્રીએ ડૉ. એસ. જયશંકરે જર્મન વિદેશ મંત્રી જોહાન વાડેફુલ સાથે દ્વિપક્ષીય બેઠક કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, બેઠક દરમિયાન બંને દેશોએ વિવિધ ક્ષેત્રોના સહયોગમાં પ્રગતિનું મૂલ્યાંકન કર્યું અને પ્રાદેશિક મુદ્દે ચર્ચા કરી.

વિદેશમંત્રીએ કેનેડાના વિદેશમંત્રી અનિતા આનંદને પણ મળ્યા હતા. તેમણે કહ્યું ભારત-કેનેડા સંબંધો સતત પ્રગતિ કરી રહ્યા છે. ડૉ. જયશંકરે ચેક રિપબ્લિકના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી પેટ્ર ફિઆલા સાથે મુલાકાત કરી આર્થિક અને સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી.

# SITHARAMAN-MUNICH

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જર્મનીના મ્યુનિખમાં બાવેરિયાના યુરોપિયન આંતરરાષ્ટ્રીય બાબતોના મંત્રી એરિક બેઇસવેન્ગર સાથે મુલાકાત કરી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રીમતી સીતારમણે જણાવ્યું કે, આ વર્ષે જાન્યુઆરીમાં જર્મન ચાન્સેલરની તાજેતરની ભારત મુલાકાતને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવામાં આવી હતી. તેમણે તાજેતરમાં પૂર્ણ થયેલા ભારત-EU મુક્ત વેપાર કરાર પર ચર્ચા કરી અને ટકાઉ ભાગીદારી દ્વારા આબોહવા ક્ષેત્ર માટે નાણાકીય સહાયના માર્ગો પર પણ ચર્ચા કરી.

# MAHASHIVRATRI

આજે દેશભરમાં મહાશિવરાત્રીનો તહેવાર ભક્તિ અને આધ્યાત્મિક ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. વહેલી સવારથી જ દેશભરમાં બાર જ્યોતિર્લિંગ સહિતના શિવ મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી રહી છે.

આ તહેવાર ભગવાન શિવના ભક્તો માટે સૌથી પવિત્ર પ્રસંગોમાંનો એક માનવામાં આવે છે. આજના દિવસે ઉપવાસ, વિશેષ પ્રાર્થના અને મંદિરોમાં પૂજા અર્ચના કરી ભક્તો ભગવાન શિવને પ્રસન્ન કરવાનો પ્રયાસ કરે છે. હજારો ભક્તો શાંતિ અને સમૃદ્ધિ માટે આશીર્વાદ મેળવવા તીર્થ સ્થળોએ પવિત્ર સ્નાન કરે છે.

# PRALHAD JOSHI-INDIA US

કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર ભારતના કાપડ ક્ષેત્ર માટે વિકાસનો એક નવો અધ્યાય શરૂ કરશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જોશીએ જણાવ્યું કે આ વેપાર કરાર 113.76 અબજ ડોલરના અમેરિકી બજારોમાં પ્રવેશને વિસ્તૃત કરે છે અને મોટા ટેરિફ ઘટાડા દ્વારા નિકાસ સ્પર્ધાત્મકતામાં સુધારો કરે છે. આ પગલાથી રેડીમેડ ગાર્મેન્ટ્સ, કાર્પેટ સહિતના કાપડ ઉદ્યોગના વિકાસને વેગ મળશે.

# ICC MEN'S T20 OVERALL

ICC પુરુષ T20 ક્રિકેટ વિશ્વ કપમાં, ભારત આજે શ્રીલંકાના કોલમ્બોમાં પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7.00 વાગ્યે શરૂ થશે.

સાંભળીએ એક અહેવાલ.....

## V/C- AHMED-MUYEEH CRICKET

બીજી તરફ વેસ્ટ ઈન્ડિઝ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં નેપાળ સામે જ્યારે અમેરિકા ચેન્નાઈના એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં નામિબિયા સામે ટકરાશે.

દરમ્યાન, ગઈકાલે અમદાવાદમાં ગ્રુપ-D મેચમાં દક્ષિણ આફ્રિકાએ ન્યુઝીલેન્ડને સાત વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતાં ન્યુઝીલેન્ડે 20 ઓવરમાં

સાત વિકેટે 175 રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાએ 17.1 ઓવરમાં 178 રન બનાવી મેચ જીતી લીધી.

## WOMEN-CRICKET

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ આજે સિડનીમાં ત્રણ મેચની શ્રેણીના પ્રથમ T20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1 વાગીને 45 મિનિટે શરૂ થશે.

ભારતીય ટીમની આગેવાની હરમનપ્રીત કૌર કરશે. હરમનપ્રીતે કહ્યું કે ભારતીય ટીમનો હેતુ તમામ લક્ષ્યોને પ્રાપ્ત કરવાનો છે.

## GOA - CISF CYCLOTHON

કેન્દ્રિય ઔદ્યોગિક સુરક્ષા દળ CISF દ્વારા આયોજિત વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન આજે સાંજે ગોવાના ચિકાલિમ પહોંચશે.

સાંભળીએ એક અહેવાલ......

**V/C- MAHESH GOA**

# NIGERIA GUN ATTACK

ઉત્તર-મધ્ય નાઇજીરીયામાં ગઈકાલે બંદૂકધારીઓએ કરેલા હુમલામાં 32ના મોત થયા છે. આ હુમલા ચોક્કસ સમુદાયના લોકોને લક્ષાંકિત કરીને કરાયા હતા. આ ઘટનામા ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા છે.

ઉત્તર નાઇજીરીયા ઇસ્લામિક આતંકવાદીઓ અને સશસ્ત્ર ટુકડીને કારણે જટિલ સુરક્ષા કટોકટીનો સામનો કરી રહ્યું છે. તાજેતરની હિંસા પાડોશી રાજ્ય ક્વારામાં થયેલા ઘાતક હુમલાના અઠવાડિયા પછી સામે આવી છે, જેમાં 162ના મોત થયા હતા.

# RSF ATTACK SUDAN

સંયુક્ત રાષ્ટ્રએ એક અહેવાલમાં જણાવ્યું કે ગયા વર્ષે ઓક્ટોબરમાં સુદાનના દારફુર ક્ષેત્રમાં અર્ધલશ્કરી જૂથ દ્વારા ત્રણ દિવસ સુધી ચાલેલી હિંસામાં 6 હજારથી વધુના મોત થયા હતા.

અહેવાલ મુજબ, અલ-ફાશેર શહેર કબજે કરવા રેપિડ સપોર્ટ ફોર્સિસ-RSF દ્વારા કરવામાં આવેલી હિંસા ગુના સમાન છે. અહેવાલમાં RSF પર ઘણા લોકોને ફાંસી આપવા, જાતીય શોષણ, ખંડણી માટે અપહરણ, ત્રાસ આપવા, બળજબરીથી બંધક બનાવવા અને બળજબરીથી ગાયબ કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

# BANGLADESH: BNP

બાંગલાદેશની રાષ્ટ્રીય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી BNPના વિજય બાદ, આગામી મંગળવારે નવા ચૂંટાયેલા સાંસદો અને મંત્રીમંડળના સભ્યો શપથ લેવાના છે.

BNP અધ્યક્ષ તારિક રહેમાનના પ્રેસ સચિવ સાલેહ શિબલીએ જણાવ્યું કે સાંસદો સવારે ૧૦ વાગ્યે સંસદ ભવનમાં શપથ લેશે. બપોરે ૪ વાગ્યે, રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ શહાબુદ્દીન સંસદના દક્ષિણ પ્લાઝા ખાતે નવા મંત્રીમંડળના સભ્યોને શપથ લેવડાવશે.

સાંસદોના શપથ બાદ બહુમતી ધરાવતો સંસદીય પક્ષ તેના નેતાને પસંદ કરવા માટે એક બેઠક યોજશે. ત્યારબાદ ચૂંટાયેલા નેતા રાષ્ટ્રપતિને મળીને ઔપચારિક રીતે સરકાર બનાવવાનો દાવો રજૂ કરશે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના મોટાભાગના અખબારોએ આજે ભારત પાકિસ્તાન મેચ, મહાશિવરાત્રી પર્વ, દેશમાં વિવિધ વિકાસ કામોની કેબિનેટની મંજૂરી જેવા સમાચારોને મુખ્ય પાને સ્થાન આપ્યું છે.
- સંદેશે T 20 વર્લ્ડકપ – પાંચ મહિના પછી ભારત પાકિસ્તાન વચ્ચે હાઇ વૉલ્ટેજ ડ્રામા મથાળા હેઠળ હેડ લાઇન બનાવી છે, આ ઉપરાંત કોંગ્રેસ આતંકીઓને ખભે બેસાડે છે – મોદી એવા સમાચાર પણ પ્રથમ પાને છે.
- ટી-20 વર્લ્ડકપમાં આજે ભારત પાકનો મેગા મુકાબલો આ ગુજરાત સમાચારની હેડ લાઇન છે આ ઉપરાંત ચીનમાં પીએચડીમાં નકલ રોકવાનો પ્રયાસ થીસિસ નહિ પ્રેક્ટિકલ જરૂરી, યુએસમાં હોમલેન્ડનું ત્રીજું શટડાઉન શરૂ થતાં 2.72 લાખ કર્મીઓનો પગાર અદ્ધરતાલ જેવા સમાચાર પ્રથમ પાને છે
- સ્થાનિક સમાચારોમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની આજની ગુજરાત મુલાકાત, ગુજરાતમાં એકતરફ બાળકોમાં કુપોષણ તો બીજીતરફ લોકોમાં મેદસ્વીતામાં વધારો, રાજ્યમાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી, બેવડી ઋતુનો અનુભવ જેવા સમાચારો જોવા મળી રહ્યા છે.